| | |
|---|---|
| PUBLICATION NAME : | Divya Bhaskar |
| EDITION : | Ahmedabad |
| DATE : | 02/02/2022 |
| PAGE : | 12 |

**સ્ટાર્ટઅપ**

રોકાણને વેગ

# સહકારી મંડળીઓને ઓછામા ઓછો ટેક્સ 15થી ઘટાડી 7 ટકા કરવાની જાહેરાત કરી

કો-ઓપરેટીવ ક્ષેત્રે ઉતેજન આપવા માટે ઈન્કમટેક્સનો દર કંપની કરદાતાઓની સરખામણીએ ઘટાડવામાં આવ્યો છે. જેથી વધારેમાં વધારે લોકો કો-ઓપરેટીવ સેક્ટરમાં આવે. બજેટમાં કોઓપરેટીવ સેક્ટરમાં લાગતો ઓછામાં ઓછો ટેક્સ દર 18.5 ટકા ઘટાડીને 15 ટકા કરવામાં આવ્યો છે જેનાથી કો-ઓપરેટીવ સેક્ટર વધારાનું ફંડ જાળવી શકશે અને પોતાની આર્થીક માળખું મજબૂત કરી શકશે તેમ:- જૈનીક વકીલ, સીએ ચેરમેન ડાયરેકટ ટેક્સ કમીટી જીસીસીઆઈએ જણાવ્યું હતું.

**શેરબજાર અને MFના રોકાણકારોને ફાયદો** | ગુજરાતના ઘણા બધા કરદાતાઓ શેરબજારની આવક મ્યુચલ ફંડની આવક તેમજ પગારદાર કરદાતાઓ રિટર્નમાં દર્શાવાનું ભૂલી ગયા છે. તે લોકો ટેક્સ અને પેનલ્ટીમાંથી માફી મેળવી શકશે. આકારણી વર્ષથી 2 વર્ષ સુધી કરદાતાઓને ભૂલ સુધારવાની બજેટમાં જોગવાઈ કરવામાં આવી છે. ટેક્સમાં 25 ટકા વધારે ટેક્સ ભરીને પોતાનું રિટર્ન ભરી શકશે. 60 ટકા પેનલ્ટીની જોગવાઈ છે તેમ રચના ખંધારે જણાવ્યું હતું.

*ગોલ્ડ, સિલ્વર અને પ્લેટેનિયમને સારો ફાયદો થશે. ડાયમન્ડમાં વર્લ્ડનું માર્કેટ અંદાજે 68 બિલીયન તેમાં 25 બિલીયન યુએસ ડોલર જેટલો છે. જેમાં ગુજરાતનો અંદાજીત 10 ટકા ફાળો છે. જે ભવિષ્યમાં વધીને 10 ટકાના ગ્રોથ તરીકે આગળ વધે તો ગુજરાત માર્કેટ લીડર બનશે.* » **જીગર સોની,** પ્રમુખ જ્વેલર્સ એસોસિએશન

*બજેટ ફ્યુચરિસ્ટિક રજૂ કરવામાં આવ્યું છે. સ્ટાર્ટ-અપ્સને આપવામાં આવતી કર રાહત માર્ચ 2023 સુધી લંબાવાઈ છે અને કલમ 115BAB હેઠળ ઉત્પાદન અથવા ઉત્પાદન શરૂ કરવાની છેલ્લી તારીખ 15%ના રાહત દરનો લાભ મેળવવા માટે એક વર્ષ સુધી લંબાવવામાં આવી છે.* » **પથીક પટવારી,** સિનિયર વાઇસ પ્રેસિડેન્ટ, GCCI

*ટેક્નોલોજીના યુગમાં બજેટમાં ડિજિટલને વધુમાં વધુ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. ડિજિટલ કરન્સી, ઈ-પાસપોર્ટ, ઈ-શ્રમ, NCS અને ASEEM પોર્ટલને એકબીજા સાથે જોડવું અને તેમના કાર્યક્ષેત્રને વિસ્તૃત કરવું, જેથી G2C, B2C અને B2B સેવાઓ પણ પૂરી પાડી શકાય.* » **સંજીવ છાજર,** વાઇસ પ્રેસિડેન્ટ, GCCI

*વિજ્ઞાન અને ગણિતમાં 750 વર્ચ્યુઅલ લેબની સ્થાપના તેમજ સિમ્યુલેટેડ લર્નિંગ એનવાયર્નમેન્ટ માટે 75 સ્કિલિંગ ઈ-લેબ સ્કિલિંગ ઈકોસિસ્ટમ-શિક્ષણ ક્ષેત્રના વિકાસ માટે સરકારની કટીબદ્ધતા સૂચવે છે. સ્ટાર્ટ-અપ્સ માટે ટેક્સના લાભોનો એક વર્ષ માટે લંબાવાયો.* » **ડો. સુનિલ શુક્લા,** ડાયરેક્ટર જનરલ, ઈડીઆઈઆઈ

*ટેક્સટાઈલ મશીનરી પરની ડ્યૂટીમાં ઘટાડો કરવામાં આવ્યો છે જેથી દેશમાં ટેક્સટાઈલ-ગારમેન્ટ સરકારે યાર્ન-કોટનની નિકાસ પર નિયંત્રણની જરૂર હતી. નિકાસ અટકાવવામાં આવી હોત તો રો-મટિરિયલ ઉપલબ્ધ થાય અને નિકાસ વેપારને વેગ મળી શકે તેમ હતો.* » **ગૌરાંગ ભગત,** પ્રમુખ મસ્કતી મહાજન.

*કેમિકલ્સ માટે અમુક ચોક્કસ રો મટિરિયલ્સની આયાત ડ્યુટીમાં ઘટાડો ઉત્પાદન ક્ષમતામાં વધારો કરશે. શૈક્ષણિક, અને સ્કીલ ડેવલોપમેન્ટ મામલે કુશળ કર્મચારીઓની ક્ષમતા વધશે. ગુણવત્તાયુક્ત રોજગારી સર્જન થશે* » **વિનોદ અગ્રવાલ,** ચેરમેન, સીઆઈઆઈ

*ઈઝ ઓફ લિવિંગ, શહેરી આવાસીય યોજનાઓ, ટકાઉ ગ્રોથ, ડિજિટલ ઈકોનોમી પર પ્રોત્સાહનો લોજિ સ્ટિક્સ, ઉત્પાદનો અને નિકાસોને વેગ આપશે. વિશ્વાસ આધારિત સંચાલન આત્મનિર્ભર ભારત મિશનને વેગ આપશે. કરદાતા, આંત્રપ્રિન્યોર્સ, રોકાણકારોમાં વિશ્વાસ વધશે.* » **જક્ષય શાહ,** CMD, સાવી ગ્રુપ,

*દેશમાં 80 લાખ જેટલા મકાનો બનાવવાની પીએમ આવાસ યોજના હેઠળ 48 હજાર કરોડ ફાળવવાના નિર્ણયને કારણે બાંધકામ ઉદ્યોગમાં તેજી આવશે. એફોર્ડેબલ હાઉસીંગ માટે બાંધકામ માટે જરૂરી જમીન જલ્દીથી મળી રહે તે માટે સરકાર સાથે મળીને કામ કરશે.* » **તેજસ જોષી (ગાહેડ પ્રમુખ)**